# આઈપીઓ માર્કેટમાં મિશ્ર ટ્રેન્ડ, 3માંથી 2 IPOમાં નેગેટિવ લિસ્ટિંગ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ક્રિસમસ વેકેશનના માહોલના કારણે ઈક્વિટીમાં રોકાણકારોનો ઉત્સાહ ઘટ્યો છે. વૈશ્વિક મિશ્ર ટ્રેન્ડના માહોલ અને સ્થાનિકમાં ઈક્વિટીમાં વોલેટાલિટી ભર્યા માહોલ વચ્ચે પ્રાઈમરી માર્કેટમાં પણ નિરસતા જોવા મળી છે. મેઈનબોર્ડમાં ત્રણ આઈપીઓના લિસ્ટીંગમાંથી બેમાં નેગેટિવ લિસ્ટ સાથે રોકાણકારોએ નિરસતા અનુભવી હતી.

**મોતિસન્સ જ્વેલર્સનો આઈપીઓ 89 ટકા પ્રિમિયમે લિસ્ટ:** બીએસઈ ખાતે રૂ.55ની ઈશ્યૂ પ્રાઈસ સામે 88.90 ટકા પ્રીમિયમે 103.90ના સ્તરે લિસ્ટિંગ કરાવ્યું છે.ઈન્ટ્રા-ડેમાં 98.35 ટકા ઉછળી 109.09ની સર્વોચ્ચ સપાટી પર પહોંચ્યા બાદ નીચામાં 99.01 થઈ અંતે 83.96 ટકા વધીને રૂ.101.18 બંધ રહ્યો હતો.

**મુથુટ માઈક્રોફિન ડિસ્કાઉન્ટમાં લિસ્ટ, 9 ટકા નેગેટિવ રિટર્ન:** બીએસઈ ખાતે મુથુટ માઈક્રોફિન લિ.એ 4.46 ટકા ડિસ્કાઉન્ટમાં લિસ્ટિંગ કરાવ્યું હતું. ઈશ્યુ પ્રાઈઝ રૂ.291ની સામે બીએસઈ ખાતે રૂ.278.00માં ખુલ્યો હતો જે ઈન્ટ્રા-ડે વધીને રૂ.280.80 અને નીચામાં રૂ.265.30ની સપાટી પહોંચ્યા બાદ અંતે રૂ.266.20 બંધ રહ્યો હતો આમ ઈશ્યુ પ્રાઈઝથી સરેરાશ 8.52 ટકા ઘટી બંધ રહ્યો છે.

**સુરજ એસ્ટેટ ડેવલપર્સનો આઈપીઓ ડિસ્કાઉન્ટમાં ખુલ્યો:** સુરજ એસ્ટેટ ડેવલપર્સનો આઈપીઓ ઈશ્યુ પ્રાઈઝ રૂ.360ની તુલનાએ રૂ.343.80ના સ્તરે એટલે કે 4.61 ટકા ડિસ્કાઉન્ટમાં લિસ્ટ થયો હતો ત્યારબાદ ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં 354.35 અને નીચામાં 323.95 થયા બાદ અંતે 334.30 બંધ રહ્યો હતો.

## આકાંક્ષા પાવર અને ઇન્ફ્રાનો IPO 27મી ડિસે. ખૂલશે

નાસિક સ્થિત આકાંક્ષા પાવર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ પોતાના 4998000 ઈક્વિટી શેરની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર (IPO) સાથે જાહેરમાં આવી રહી છે. કંપનીનો આઈપીઓ 27મી ડિસેમ્બરના રોજ ખુલશે અને 29ના રોજ બંધ થશે. પ્રતિ શેરદીઠ રૂ.52થી 55 પ્રાઈસ બેન્ડ નિર્ધારી છે. કંપની આઈપીઓ દ્વારા સરેરાશ 27.49 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. એકત્રિત કરેલા ભંડોળમાંથી કેપિટલ ખર્ચ માટે રૂ. 5.00 કરોડનો ઉપયોગ કરાશે.